સંદેશ

Vapi-Valsad 16 June, 2019

# શ્રીમદ રાજચંદ્ર આશ્રમ દ્વારા દિવ્યાંગોનો કેમ્પ

## શ્રીમદ રાજચંદ્ર ફેલોશિપ ફોર ધ સ્પેશિયલી એબલ્ડ ક્લબને ખુલ્લો મુકાયો

। ધરમપુર,વલસાડ ।

ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા આયોજિત શારીરિક દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કેમ્પમાં ૧૫૦ જરૂરિયાતમંદ શારીરિક દિવ્યાંગ વ્યક્તિઓને તેમની જરૂરિયાત મુજબ બનાવવામાં આવેલા કૃત્રિમ અવયવો, વ્હીલચેર ચેર, ટ્રાઈસિકલ, ઘોડી, કૃત્રિમ પગ, વોકર અને હિયરિંગ એઈડ સહિતના સહાયક ઉપકરણોનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.



સંસ્થાના પ્રમુખ ગુરુદેવ રાકેશભાઈના હસ્તે શ્રીમદ રાજચંદ્ર ફેલોશિપ ફોર ધ સ્પેશિયલી એબલ્ડ કલબને ખુલ્લો મુકાયો હતો. કલબમાં શારીરિક રીતે દિવ્યાંગ અને વિશિષ્ટ ક્ષમતા ધરાવતા વ્યક્તિઓ મોજ મસ્તી કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ ઉપરાંત આ તમામ વ્યક્તિઓ માટે તેમના જીવનમાં ઉન્નત બને તેવી પ્રવૃતિઓ કરાવી સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો વિનમ્ર પ્રયાસ હોવાનું ગુરુદેવ રાકેશભાઈએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું. કાર્યક્રમમાં, જિલ્લા કલેક્ટર સી.આર. ખરસાણ, ડીડીઓ ડી.પી. દેસાઈ, ધરમપુરના મામલતદાર ગોપાલભાઈ તડવી, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, પાલિકા પ્રમુખ જયદીપસિંહ સોલંકી, પાલિકાના ચીફ ઓફિસર જયેશભાઈ પરમાર સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. કલેક્ટર દ્વારા સંસ્થાના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.